# ટીંટોઈ ગામે પાણીના સપ્લાય માટે નાખેલ પાઈપલાઈનમાં ભારે ભ્રષ્ટાચાર

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જીલ્લામાં વિકાસના કામોની કરોડો રૂપિયાની ગ્રાન્ટમાંથી જીલ્લાનો વિકાસ નહિવત અને અધિકારીઓ, કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટરો અને રાજકીય પદાધિકારીઓ, સરપંચોના ખિસ્સાનો વિકાસ વિપુલ પ્રમાણમાં થઈ રહ્યો છે. વિકાસના કામોમાં ભ્રષ્ટાચારની ઉધઈ લાગતા જીલ્લાનો વિકાસ રૂંધાઈ ગયો છે. મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે પાણી પુરવઠા તંત્ર દ્વારા ગ્રામપંચાયતના સહયોગથી ગામના ઉંચાણવાળા વિસ્તારમાં પાણીનો જથ્થો પહોંચાડવા નંખાઈ રહેલી પાઈપલાઈનની પ્રોટેક્શન માટે બનાવવામાં આવેલ ૨ મહિનાના ટૂંકા ગાળામાં તૂટી જતા ભ્રષ્ટાચારના પોપડા લોકાર્પણ પહેલા ઉખડી જતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામ પંચાયતના સરપંચ કાદરભાઈના જણાવ્યા અનુસાર પાણી પુરવઠા તંત્ર દ્વારા કામકાજ ચાલી રહ્યું છે ગ્રામપંચાયતને સુપ્રત કર્યું નથી. સોંપતા પહેલા પાઈપલાઈનનું નિરીક્ષણ કરાયા બાદ હસ્તગત થશે કોઈ પણ પ્રકારની ગેરરીતિ કામકાજમાં ચલાઈ લેવાશે નહિ.





મોડાસાના ટીંટોઈ ગામે ઉંચાણવાળા વિસ્તારમાં પાણી પહોંચતું ન હોવાથી ગ્રામ પંચાયતના લોકફાળાના સહયોગ ૧૦ ટકા અને પાણી પુરવઠા વિભાગના ૯૦ ટકા ગ્રાન્ટમાંથી એસ.કે યોજના હેઠળ અંદાજે ૧૧ લાખ રૂપિયાના ખર્ચે પાણી પૂરું પાડવા માટે ટીંટોઈ ગામના મુખ્ય કુવામાંથી ઉંચાણવાળા વિસ્તારમાં પાણીનો પુરવઠો પૂરો પાડવા પાઈપલાઈન નાખવામાં આવી છે. પાઈપલાઈનના કામકાજમાં કોન્ટ્રાક્ટરે ભારે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે ત્યારેજ પાઈપલાઈનના પ્રોટેક્શન માટે બનાવવામાં આવેલ બ્રેકેટ (બીમ)માં સિમેન્ટ અને લોંખડના બદલે લોટ, પાણી અને લાકડાનો ઉપયોગ કરતા ઠેર ઠેર બ્રેકેટ (બીમ) બે મહિનાના ટૂંકા ગાળામાં તૂટી જતા ભ્રષ્ટાચારના પોપડા ઉખાડીને વેર વિખેર થતા અને તિરાડો પડી જતા લોકોમાં ભારે રોષ ફેલાયો છે. લોકાર્પણ પહેલા જ પાઈપલાઈનના સપોર્ટ માટે નંખાયેલા બ્રેકેટ તૂટી જતા પાઈપલાઈન ટકશે કે નહિ..? સહીત પાઈપલાઈન માટે કોન્ટ્રાક્ટરે વાપરેલ પાઈપ માં યોગ્ય ગુણવત્તા જળવાઈ ન હોવાનું ગામલોકોએ જણાવ્યું હતું.

પાણી પુરવઠા એન્જીનીયર નાઈના જણાવ્યા અનુસાર ટીંટોઈ ગામે નાખેલ એસ.કે યોજના અંતર્ગત નાખેલ પાઈપલાઈનના બ્રેકેટ( બીમ) બે મહિનાના ટૂંકા ગાળામાં તૂટી જવા અંગે ટેલિફોનિક પૂછપરછ કરતા જણાવ્યું હતું કે બ્રેકેટ નવા બનાવવા કોન્ટ્રાક્ટરને તાકીદ કરવામાં આવી છે. કામગીરી રિજેક્ટ કરી છે અને કોન્ટ્રાક્ટર દ્વારા બ્રેકેટની કામગીરીમાં સુધારો નહિ કરવામાં આવે તો બિલ ચુકવવામાં આવશે નહિ. પાઈપલાઈનના કામકાજ અંગે નિરીક્ષણ કર્યા બાદ કોન્ટ્રાક્ટરે એસ્ટીમેન્ટ મુજબ યોગ્ય કામગીરી કરી હશે તોજ બિલની રકમ ચુકવવામાં આવશે હોવાનું જણાવ્યું હતું.

## પાલ ચેકપોસ્ટ પાસેથી બાઈક પર લઈ જવાતો દારૂ અને બિયરનો જથ્થો પકડાયો

હિંમતનગર, તા. ૧૧

વિજયનગર તાલુકાની પાલ ચેકપોસ્ટ પાસેથી બાતમીને આધારે ચિઠોડા પોલીસે મંગળવારે બાઈક પર લઈ જવાઈ રહેલ પાસ પરમીટ વિનાના રૂ. ૧૩ હજારથી વધુની કિંમતના દારૂ અને બિયરના જથ્થાને કબજે લઈ બાઈક મુકી ભાગી ગયેલા શખ્સની શોધખોળ હાથ ધરી છે.

આ અંગે ચિઠોડા પોલીસના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ મંગળવારે તેમણે રાજસ્થાનમાંથી એક બાઈક પર એક શખ્સ દારૂ અને બિયરનો જથ્થો લઈ ભિલોડા તરફ આવી રહ્યો છે. જે બાતમીને આધારે પોલીસે પાલ ચેકપોસ્ટ પાસે નાકાબંધી કરી હતી. અને બાતમીમાં જણાવાયા મુજબની બાઈક નં. જીજે૦૯સીડી૬૪૦૨ પસાર થતા પોલીસે તેને ઉભી રખાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પોલીસને જોઈને બાઈકચાલક ભાગી ગયો હતો. પરંતુ પોલીસે તેનો પીછો કરી બાઈકચાલકને પકડવાનો પ્રયાસ કરતા બાઈક સ્લીપ થઈ ગયુ હતુ. તો બીજી તરફ બાઈકચાલક ભાગી ગયો હતો. અને પોલીસે રૂ. ૧૩,૨૦૦ની કિંમતના દારૂ અને બિયરનો જથ્થો તથા બાઈક કબજે લઈ ભાગી ગયેલા શખ્સ વિરૂદ્ધ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ડીસાના રસાણા નજીક ગાયોને બચાવવા ગયેલો યુવક ટ્રેન નીચે કપાઈ મરતાં અરેરાટી

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના રસાણા ગામ નજીક ગઈ રાત્રે ગાયોને બચાવવા જતા ટ્રેનની અડફેટે આવી ગયેલા યુવકનું ઘટના સ્થળે જ મોત નીપતા અરેરાટી મચી ગઈ છે. બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના રસાણા ગામ પાસે ગઈ મોડી રાત્રે ટ્રેનની અડફેટે આવી જતા એક વ્યક્તિ નું ઘટના સ્થળે મોત થયું હતું.આ અંગેની વિગતો એવી છે કે રસાણા ગામના રણજીતજી ધારજીજી ઠાકોર ગઈ રાત્રીએ રસાણા ગામ નજીકની રેલ્વે ફાટક પાસે ઉભા હતા. એ દરિમયાન રેલ્વે ટ્રેક પર પાંચ-છ ગાયો ફરતી હતી.જો કે એજ સમયેજ સામેથી ટ્રેન આવતી જોઈ રણજીતજી ગાયોને બચાવવા માટે રેલ્વે ટ્રેક પર દોડી ગયો હતો પરંતુ ગાયોને બચાવતી વખતે તેનો પગ ટ્રેન ની અડફેટે આવી જતા તે પટરીની બાજુમાં પછડાયો હતો અને ઘટના સ્થળે જ તેનું મોત થયું હતું.

# એલ.આર.ડી પેપરલીકના આરોપી યશપાલ સોલંકીને દિલ્હી લઈ જવાયો

મોડાસા, તા. ૧૧

લોકરક્ષક ભરતીના પેપરલીક કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર યશપાલસિંહ પોલિસે અટકાયત જિલ્લામાં કે જે રસ્તે તેઓ દિલ્હી ગયા હતા તેજ રોડ માર્ગે યશપાલસિંહ સાથે ઈનોવા કારમાં ચુસ્ત બંદોબસ્ત સાથે આવી પહોંચ્યા હતા કે કેમ તે બાબતે પૂછપરછ હાથ ધરી હતી.

ત્યાંથી સીધા શામળાજી થઈ ઉદયપુર હાઈવે પર દિલ્હી તરફ


તસવીર : મેહુલ જોષી

કરી ત્યારે વધુ તપાસ માટે રવિવારના દિવસે અરવલ્લીના રાજેન્દ્રનગર ચોકડી અને શામળાજી થઈ દિલ્હી લઈ જવા રવાના થયા હતા. પોલીસ લોકરક્ષક ભરતી પેપર લીક કૌભાંડના મૂળ સુધી જવાની ગતિવિધિઓ તેજ બનાવી છે ત્યારે બે દિવસ અગાઉ ગાંધીનગર પોલીસ પ્રીતેશ અને અજય પરમારને લઈ અરવલ્લી હતા. સૌ પ્રથમ તેઓ હિંમતનગર ઉદયપુર હાઈવે પર વાંટડા ટોલનાકા ઉભા રહ્યા જ્યાં માત્ર પોલીસ જ ૫ મિનિટ નીચે ઉતરી હતી તેમજ ત્યાંથી આગળ વધી અને સમગ્ર કાફલો શામળાજી પાસે આવેલ આસોપાલવ હોટલ ઉભા રહ્યા હતા ત્યાં પણ હોટલ માલિક માત્ર પોલીસ નીચે ઉતરી હતી અને આસોપાલવ હોટલમાં ઉભા રહ્યા રવાના થયા હતા. આખો કાફલો આરોપીઓને લઈ બીછીવાડા પાસે આરોપીઓને લઘુશંકા માટે ૨ મિનિટ નીચે ઉતારી કાફલો દિલ્હી તરફ રવાના થયો હતો. ત્યારે રવિવારના બે વગ્યાની આસપાસ યશપાલ સોલંકીને અરવલ્લીના એક પણ સ્થળે ઉભા રહ્યા વિના પોલીસ દિલ્હી જવા રવાના થયા હતા.

## ડીસાના માલગઢ નજીકથી વિદેશી દારૂ ભરેલી સ્વીફ્ટ ગાડી ઝડપાઈ

બનાસકાંઠા પોલીસની એલસીબીની ટીમે ડીસા તાલુકાના માલગઢ નજીકથી દારૂ ભરેલી સ્વીફ્ટ કાર ઝડપી લીધી છે.જોકે કારચાલક ફરાર થઈ જતા તેની શોધખોળ હાથ ધરાઈ છે. બનાસકાંઠાના પોલીસ અધિક્ષકશ્રી પ્રદીપ શેજુળની સૂચનાથી એલસીબીના ઈન્ચાર્જ પી.આઈ. જે.એચ. સિંધવ એલસીબી ટીમના પ્રવિણસિંહ, નરેશભાઈ, દિગ્વિજયસિંહ, પ્રવીણભાઈ અને લક્ષ્મણસિંહ સાથે ડીસા રૂરલ પોલીસ મથકના હદ વિસ્તારમાં પેટ્રોલીગમાં નીકળ્યા હતા એ દરમ્યાન બાતમીના આધારે માલગઢ નજીક નાકાબંધી કરી સ્વીફ્ટ ગાડી (નં.GJ-18-AH-0425) ને આંતરી તલાશી લેતા આ ગાડીમાંથી ૬૯૮૦૦ રૂપિયાની કિંમતનો ૫૭૮ બોટલ વિદેશીદારૂ તથા બિયર મળી આવતા એલસીબી પોલીસે ગાડી સહિત કુલ ૩,૬૯,૮૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.જોકે આ ઓપરેશન દરમ્યાન ચાલક ગાડી મૂકી ભાગી જતાં એલસીબી પોલીસે તમામ મુદ્દામાલ ડીસા રૂરલ પોલીસના હવાલે કરી ફરાર ગાડીચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા ડીસા તાલુકા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અરવલ્લી જીલ્લાના ૦ થી ૧૮ વર્ષ સુધીના બાળકોના આરોગ્ય ચકાસણી

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જીલ્લામાં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. અમરનાથ વર્માના માર્ગદર્શન હેઠળતા. ૨૭/૧૧/૨૦૧૮થી શાળા આરોગ્ય તપાસણીનો પ્રારભ થયેલ છે. જિલ્લાના કુલ ૨,૯૪,૩૯૩ બાળકો પૈકી તા. ૫/૧૨/૨૦૧૮ અંતિત પ્રાથમિક શાળાના ૧૨૪૨૪ બાળકો, ઉ.મા. શાળાના ૪૨૬૭, આંગણવાડીના ૫૧૩૮, અન્ય શાળાના ૧૭૮ બાળકો, શાળાએ ના જતા ૫ બાળકો એમ કુલ ૨૨૦૧૨ બાળકોની તપાસ કરવામાં આવી. આરોગ્ય વિભાગની કુલ ૨૦૧ ટીમો દ્વારા તપાસ કરવા મા આવેલ છે.


તસવીર : હરેશ જોષી

## ત્રણ રાજ્યોમાં કોંગ્રેસનો વિજય થતા ધાનેરામાં જીતની ખુશી

ત્રણ રાજ્યમાં કોંગ્રેસનો ભવ્ય વિજય થતા બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં કોંગ્રેસના આગેવાનો સહીત મોટી સંખ્યામાં લોકોએ ભેગા મળી જીતની ખુશી મનાવી હતી અને ફટાકડા ફોડી કોંગ્રેસ જિંદાબાદના નારા લગાવ્યા હતા. આજે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી હતી જેમાં ત્રણ રાજ્યો ઉપર કોંગ્રેસ ધ્વરા બહુમતીથી કબ્જો મેળવતા જીતનો જશ્ન મનાવવામાં આવ્યો હતો ત્યારે આજે ધાનેરા નગરપાલિકા પ્રમુખ બળવંતભાઈ બારોટ, ધાનેરા શહેર કોંગ્રેસ પ્રમુખ હરિસિંગ રાજપૂત સહીત કોંગેસના આગેવાનો સહીત મોટી સંખ્યામાં લોકોએ ભેગા મળી કોંગ્રેશ ની જીત ની ખુશી માનવી હતી અને ધાનેરા નગરપાલિકા પ્રમુખે જણાવ્યું હતું કે ભાજપ ના શાશન થી લોકો નારાજ હતા માટે લોકોએ ભાજપ ને જાકારો આપ્યો છે અને કોંગ્રેશ માથે વિજય નો કળશ ઢોળ્યો છે.





## મોડાસા માર્કેટયાર્ડ ખાતે ટેકાના ભાવે અડદ અને મગની ખરીદી શરૂ થતા ખેડૂતોમાં આનંદ

રાજ્ય સરકારે મગફળીના ટેકાના ભાવે ખરીદીની પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે રાજ્ય સરકારે દિવાળી પહેલા ટેકાના ભાવે અડદ અને મગની ખરીદીની જાહેરાત કર્યા બાદ અરવલ્લી જીલ્લામાં સોમવારથી અડદ અને મગની ટેકાના ભાવે ખરીદી કેન્દ્રો પર ખરીદીનો પ્રારંભ થતા ખેડૂતોએ મહદંશે હૈયે હાશકારો અનુભવ્યો છે. અરવલ્લી જીલ્લાના મોડાસા માર્કેટ યાર્ડ ખાતે પણ અડદની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવી છે. ૧ ડિસેમ્બરથી અડદની ખરીદી માટે રજિસ્ટ્રેશન શરૂ કરાયું હતું, જેમાં જિલ્લાના એક હજાર બેયાશી (૧૦૮૨) ખેડૂતોનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે, જે પૈકી પ્રથમ દિવસે પાંચ જેટલા ખેડૂતોને મેસેજ મારફતે ખરીદી માટે બોલાવવામાં આવ્યા હતા. અડદની ખરીદી માટે જિલ્લામાં પાંચ ખરીદ કેન્દ્ર શરૂ કરાયા છે, જ્યારે મગ માટે મોડાસાના નવા માર્કેટ યાર્ડ ખાતે ખરીદી કરવામાં આવી રહી છે.

# મોડાસાના શીણાવાડ ગામ નજીક બુટલેગરના પાપે બે બાળકોએ માતા ગુમાવી

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જીલ્લામાં બુટલેગરો બેફામ બન્યા છે, જીલ્લામાં વાહનચાલકો અનેકવાર નશાની હાલતમાં વાહન હંકારી અકસ્માત સર્જી લોકોના જીવ જોખમમાં મુકતા હોવાની સાથે પીધેલા વાહનચાલકને ભોગે અનેક પરિવારોના આધાર છીનવાયો હોવાની અનેક ઘટનાઓ બની છે. રિવિવારે મોડાસાના શીણાવાડ ગામ નજીક મોડાસાનું યુવા દંપતી તેના બે બાળકો સાથે બાઈક પર પસાર થતા હતા ત્યારે સામેથી નશામાં ધૂત બનેલા અને બાઈકમાં ક્વાટરીયા ભરેલા બુટલેગરે રોંગ સાઈડ પર ધસી આવી બાઈકને ધડાકાભેર અથડાવતાં બાઈક સવાર દંપતી અને બંને બાળકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા મહિલાને બ્રેઈન હેમરેજ થતા સારવાર દરમિયાન વડોદરાની ખાનગી હોસ્પિટલમાં મોત નિપજતા પરિવાર વિખેરાઈ જતા બંને નાના બાળકોએ માતાની મમતા ગુમાવવાનો વારો આવતા બ્રહ્મ સમાજ સહીત મોડાસા શહેરમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. મોડાસા રૂરલ પોલીસે મોડાસાના સર્વોદયનગર વિસ્તારમાં રહેતા બાઈક ચાલક બુટલેગર ભલાભાઈ ચંદુભાઈ વાઘેલા સામે અકસમાતનો ગુન્હો નોંધી દેશી મદિરા ભરી આપનાર શીણાવાડના વિજય કાંતિભાઈ જયસ્વાલ બુટલેગર સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



મોડાસાની નાલંદા-૨ સોસાયટીમાં રહેતા પ્રેમલ ભટ્ટ અને તેમની નેહલબેન અને બે બાળકો સાથે રવિવારે કામકાજ અર્થે શીણાવાડ નજીકથી બાઈક લઈ પસાર થતા હતા ત્યારે સામેથી નશાની હાલતમાં આવતા બાઈક સવારે રોંગ સાઈડ આવી જોરદાર અથડાવી દેતા બાઈક પર સવાર પત્ની નેહલબેન ભટ્ટ પતિ પ્રેમલકુમાર બે બાળકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા જેઓને સારવાર અર્થે પ્રથમ મોડાસાની એઈમ્સ હોસ્પિટલમાં લઈ ગયા હતા જ્યાં પત્ની નેહલબેનને બ્રેઈન હેમરેજ જણાતા વધુ સારવાર અર્થે બરોડા હોસ્પિટલ ખસેડયા હતા. જ્યાં સારવાર દરમિયાન ગઈકાલે મોડી રાત્રે તેમનું મોત નિપજતા ભારે શોકની લાગણી છવાઈ હતી. બાઈક ચાલક પતિ પ્રેમલકુમારને પણ પગે ફ્રેક્ચર થતા તેઓ પણ સારવાર હેઠળ છે અને સાથે રહેલા બે નાના ભૂલકાઓ પણ ઈજાગ્રસ્ત થતા સારવાર હેઠળ છે. બાળકોની માતાની મમતા પીધેલા બુટલેગરની ભૂલના લીધે છીનવાઈ હોવાની વાતથી અજાણ છે. બાળકોને આ ઘટનાની જાણ થશે ત્યારે આભ તૂટી પડશે પરિવારજનો અને બ્રહ્મ સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મોડાસા રૂરલ પોલીસે રાજેશભાઈ ગૌરીશંકર ઉપાધ્યાયની ફરિયાદના આધારે મોડાસાના સર્વોદયનગર વિસ્તારમાં રહેતા બુટલેગર ભલાભાઈ ચંદુભાઈ વાઘેલા સામે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી બાઈકમાંથી મળી આવેલ દેશી દારૂના ક્વાટરીયા નંગ-૫ જેમાંથી ૨ તૂટેલા હોવાથી ૩ કબ્જે લઈ કીં. રૂ.૨૦૦નો જથ્થો કબ્જે લઈ દેશી દારૂના ક્વાટરીયા ભરી આપનાર શીણાવાડ ગામના બુટલેગર વિજય કાંતિભાઈ જયસ્વાલ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# હિંમતનગરમાં જુની અદાવતને લઈ જીવલેણ હુમલો કરાતા એકને ગંભીર ઈજા

હિંમતનગર, તા. ૧૧

હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં આવેલ એક ફાયનાન્સની ઓફીસમાં અગાઉ થયેલા ઝગડાની અદાવત રાખી સોમવારે સાંજે ત્રણ જણાએ ખુલ્લી તલવાર લઈ ઘુસી જઈ અંદર બેઠેલા ઈસમ પર જીવલેણ હુમલો કરી દેકારો મચાવી રૂ. ૮૦હજારના દોરાની લૂંટ કરી ભાગી ગયા હતા. ત્યારબાદ હાથ પર થયેલી ગંભીર ઈજા બાદ આ ઈસમને હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા જ્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ ખસેડાયા હતા. જે અંગેની ફરીયાદ સોમવારે રાત્રે હિંમતનગર બી.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે મહેતાપુરાની ત્રિવેણી હાઈસ્કૂલ સામે આવેલ જોધ ફાયનાન્સની ઓફીસમાં સોમવારે સાંજે હર્ષ ઉર્ફે અક્કુ નથ્થુભાઈ દેસાઈ બેઠેલા હતા ત્યારે અચાનક અગાઉ થયેલા ઝગડાની અદાવત રાખીને મહેતાપુરાના રાધે ગોવિંદ ફાર્મમાં રહેતા ચંદ્રપાલસિંહ મનહરસિંહ ભાટી, પિંટુ ઉર્ફે ચુન્નુ (પરબડા) તથા બ્રહ્માણીનગરમાં રહેતા દિપક મદનભાઈ સિસોદીયા ખુલ્લી તલવારો સાથે ફાયનાન્સની ઓફીસમાં ખુરશી પર બેઠેલા હર્ષ દેસાઈ પર તલવારથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો.

તો બીજી તરફ એકદમ થયેલા હુમલાને કારણે ડઘાઈ ગયેલા હર્ષ દેસાઈ ખુરશીમાંથી ઉભા થઈને ટેબલ નીચે સંતાઈ ગયા હતા પરંતુ આ હુમલાખોરોએ આવેશમાં આવી જઈ ટેબલ પર ખુલ્લી તલવારના ઘા કરતા હર્ષ દેસાઈને હાથના ભાગે ગંભીર ઈજા થઈ હતી. એકદમ થયેલા દેકારાને કારણે અન્ય લોકો પણ ભેગા થઈ ગયા હતા. દરમ્યાન આ હુમલાખોરોએ રૂ. ૮૦હજારની કિંમતના ચાર તોલાના સોનાના દોરાની લૂંટ કરી પલાયન થઈ ગયા હતા.

હુમલાને કારણે ગંભીર રીતે ઘવાયેલા હર્ષ દેસાઈને તરતજ સારવાર માટે હિંમતનગરની એક ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં પ્રાથમિક સારવાર અપાયા બાદ તેમને વધુ સારવાર માટે અમદાવાદ ખસેડાયા હોવાનું આધારભુત સુત્રોમાંથી જણાવાયુ હતુ. જો કે હર્ષ દેસાઈએ ઘટના બન્યા બાદ ત્રણેય હુમલાખોર વિરૂદ્ધ મોડી સાંજે હિંમતનગર બી.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. જેમાં અગાઉ થયેલા ઝગડાની અદાવતને કારણે હુમલો થયો હોવાનો આક્ષેપ કરાયો છે.

# પ્રાંતિજ ખાતે શહીદ ઉપેન્દ્ર કંસારાના સ્મારકનું નવિનિકરણ બાદ પુનઃ ખુલ્લુ મુકવામાં આવ્યું


### પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેશન ખાતે ૧૯૭૦માં નવનિર્માણ આંદોલન સમયે તલોદના મહિયલ ખાતે


તસવીર : સંજય રાવલ

પ્રાંતિજના શહીદ ઉપેન્દ્ર કંસારાના શહીદ સ્મારકનું નવિનિકરણ કરીને પુનઃ ખુલ્લુ મુકવામાં આવ્યું.

પ્રાંતિજ ખાતે ૪૪ વર્ષ પહેલા સાબરકાંઠાનો અને પ્રાંતિજમાંથી શહીદ થયેલ ઉપેન્દ્રકુમાર મંગળદાસ કંસારાની યાદમાં પ્રાંતિજ ખાતે જે તે સમયે નગરપાલિકા દ્વારા શહીદની યાદમાં શહીદ સ્મારક બનાવવામાં આવ્યું હતું અને આજે ફરી તે તેજ જગ્યાએ નવિનિકરણ કરી પ્રાંતિજ નગરપાલિકા દ્વારા આજે પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના હસ્તે પુનઃ અનાવરણ બાદ ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણ, નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ, ઉપપ્રમુખ નયનભાઈ દેસાઈ, માજી પ્રમુખ અરવિંદભાઈ પરમાર, નગરપાલિકા કોરેપોરેટર રાજેશભાઈ ટેકવાણી, મહેબુબભાઈ બલોચ, કંસારા સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.


તસવીર : વિનોદ રામી

રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનો વિજય થતાં મહેસાણા જિલ્લામાં વિજયોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. મહેસાણા તોરણવાળી માતાના ચોકમાં મહેસાણા જિલ્લા કોંગ્રેસના પ્રમુખ રાજેન્દ્રસિંહ દરબાર, મહેસાણા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ જયદીપસિંહ ડાભી, પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી કિર્તીસિંહ ઝાલા સહિતના અનેક કાર્યકરોએ ફટાકડા ફોડી ઉજવણી કરી હતી.